# 8

## રાજુલાની ધાતરવડી–૨ સિંચાઈ યોજના

* 15/4/869 શ્રી હિરાભાઈ ઓધવજીભાઈ સોલંકી(રાજુલા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે , -

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજુલાના ધાતરવડી–૨ સિંચાઈ યોજના હેઠળ ખેડૂતોને પિયત માટે પાણી આપવામાં આવે છે કે કેમ, | (૧) | હા, જી |
| (૨) | જો ના, તો તેના કારણો શા છે, અને | (૨) અને (૩) | યોજના હેઠળ ડેમના ઉપરવાસમાં આવેલ સહભાગી સિંચાઈ પિયત મંડળી દ્વારા પાણી ઉદ્ધવહન કરીને દર વર્ષે અંદાજીત ૧૦૦ હેક્ટરમાં સિંચાઈ કરવામાં આવે છે, જ્યારે નહેરોમાં જુદી જુદી સાંકળ પરના કામો પ્રગતિમાં હોવાના કારણે તથા મર્યાદીત સિંચાઈ માટે પાણીની માંગણી હોઈ, સિંચાઈ માટે પાણી આપેલ નથી.<br>ડાબા કાંઠાની કેનાલનુ લાઈનીંગ કામ પૂર્ણ થયેલ છે. જ્યારે જમણા કાંઠા કેનાલની કામગીરી અંશત: પૂર્ણ થયેલ છે. બાકી રહેતા કામના સ્કોપ ઓફ વર્કમાં ફેરફાર થતા સક્ષમ કક્ષાએથી મંજૂરી મેળવીને માર્ચ –૨૦૨૪ સુધીમાં આ કેનાલની તમામ કામગીરી પૂર્ણ કરવાનુ આયોજન છે. |
| (૩) | ઉક્ત સ્થિતિએ ખેડૂતોને પિયત માટે પાણી આપવા છેલ્લા બે વર્ષમા શી કાર્યવાહી કરેલ છે? | | |

--------------